# આકાશવાણી-ભુજ

## સમાચાર વાચક:- અશરફ નથવાણી

## કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૧૯-૦૮-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

# કેન્દ્રીય ગૃહમંત્રી

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે નાગરિકતા પ્રમાણપત્ર વિતરણ' કાર્યક્રમ યોજાયો હતો.

અમિત શાહે ગઈકાલે 188 જેટલા શરણાર્થી નાગરિકોને ભારતીય નાગરિકતા પત્ર એનાયત કર્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અમદાવાદના ૯૦, મોરબીના ૩૬, સુરેન્દ્રનગરના ૨૦, પાટણના ૧૮, મહેસાણાના ૧૦, રાજકોટના ૬, કચ્છના ૩, વડોદરાના ૩, આણંદના ૨, એમ કુલ ૧૮૮ શરણાર્થીઓને ભારતીય નાગરિકતા મેળવી હતી.

**(RNU અમદાવાદ)**

----------------------------------------------------------------------------

# રક્ષાબંધન

ભાઈ અને બહેનના પ્રેમના પ્રતીક એવા રક્ષાબંધનના તહેવારની આજે સમગ્ર દેશ સહીત કચ્છમાં ઉજવણી થશે. ત્યારે રક્ષાબંધનની ઉજવણીને લઈ ભાઇઓ અને બહેનોમાં ઉત્સાહ અને ઉમંગ જોવા મળે છે. ગઈકાલે રવિવારના દિવસે ઘણા બધા લોકોએ રજાનો લાભ લઇને ગઈકાલથી જ રાખડી બાંધવાની શરૂઆત કરી દીધી હતી. જીલ્લાભરના શહેરો અને ગામડાઓમાં રાખડીની બજારોમાં ભીડ જોવા મળી હતી. બહેનો રાખડીની મોટાપાયે ખરીદી કરતી નજરે પડી હતી..

રાખડીઓ સાથેસાથે સ્વાદિષ્ટ મિઠાઇઓ અને ફરસાણની પણ ધૂમ ખરીદી કરવામાં આવી રહી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશના નાગરિકોને રક્ષાબંધનની શૂભેચ્છા પાઠવી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ લખ્યું છે કે, રક્ષાબંધન એ ભાઈ અને બહેન વચ્ચેના પવિત્ર સંબંધોની ઉજવણીનો તહેવાર છે, જે પરસ્પર પ્રેમ અને વિશ્વાસને મજબૂત બનાવે છે.

**(અશરફ નથવાણી)**

---

## સાંસદ- જખૌ ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી

કચ્છ મોરબીના સાંસદ વિનોદ ચાવડાએ સરહદએ ગઈકાલે અબડાસા તાલુકાના જખૌ કોસ્ટલ વિસ્તારમાં જવાનો સાથે રક્ષાબંધન તહેવારની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં તેમની સાથે બહેનો જોડાઈ હતી.આ પ્રસંગે શ્રી ચાવડાએ જણાવ્યું કે, સરહદના સંત્રીઓ પણ કોઇ બહેનના ભાઇ છે. રક્ષાબંધનના દિવસે વતનથી દુર, રણપ્રદેશ, દરિયા કિનારે અથવા સરહદે સતત હાજર રહી જવાનો આ પર્વની ઉજવણી કરી શકે તે માટે દર વર્ષે વિવિધ બોર્ડર, ચેક પોસ્ટ પર જઇ તેમના ખમીર-સેવા અને સુરક્ષાને બિરદાવી સાથે આવેલ બહેનો દ્વારા મોઢું મીઠું કરાવી રાખડી બાંધી આશિષ પાઠવવામાં આવે છે.તેમ તેમણે જણાવ્યુ હતું

**(અશરફ નથવાણી/NP)**

---

## લોક રક્ષક અને પી.એસ.આઈ ભરતીની પરીક્ષા

લોકરક્ષક અને પીએસઆઇ ભરતીની પરીક્ષા અંગે ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે ટ્વીટના માધ્યમથી મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. એપ્રિલ મહિનામાં

જે ઉમેદવારોએ લોકરક્ષક અને પીએસઆઇ ભરતીની પરીક્ષા માટે અરજી કરવામાં બાકી રહી ગયા હોય તે તમામ ઉમેદવારો આગામી 26 ઓગસ્ટ થી 9 સપ્ટેમ્બર સુધી અરજી કરી શકશે.

**(RNU અમદાવાદ)**

---

## લખપત-તાલુકા વન મહોત્સવની ઉજવણી

સામાજિક વનીકરણ રેન્જ દ્વારા તાલુકાનાં ખટિયા ગામે 75મા તાલુકા કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વન વિભાગ દ્વારા બનાવેલા ઉપવનનું લોકાર્પણ અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાકૃતિક ખેતી વિશે લોકોને માહિતગાર કરાયા હતા.

**(અશરફ નથવાણી/NP)**

---

## વરસાદની આગાહી

આગામી ત્રણ દિવસ દરમિયાન રાજ્યમાં વરસાદ વરસવાની શક્યતા નહિવત હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. પરંતુ આગામી ગુરૂવાર અને શુક્રવાર એમ બે દિવસ દરમિયાન રાજ્યના કેટલાક સ્થળે હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે.

કચ્છની વાત કરીએ તો છેલ્લાં પખવાડિયાં કરતાં વધુ સમયથી ઝરમર વરસાદને બાદ કરતાં એકંદરે વરસાદી વિરામની સ્થિતિ જોવા મળી રહી છે. જો કે બંગાળની ખાડી અને અરબી સમુદ્રમાં સર્જાનારી સિસ્ટમની અસર તળે આગામી સપ્તાહે એટલે કે સાતમ આઠમ આસપાસ વરસાદનો એક સારો રાઉન્ડ આવે તેવા સંજોગો સર્જાઈ રહ્યા છે. હવામાન વિભાગે કેટલાક સ્થળે હળવો વરસાદ વરસવાની આગાહી યથાવત રાખી છે.

ગુરૂવારે અને શુક્રવાર દરમિયાન દક્ષિણ ગુજરાતમાં 30થી 40 કિલોમીટરની ઝડપે પવનસાથે ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. જ્યારે રાજ્યના અન્ય વિસ્તારોમાં હળવો વરસાદ વરસી શકે તેવી શક્યતા છે.

**(અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------

## બાગાયત આઈ ખેડુત પોર્ટલ

બાગાયત ખાતાની નવી પ્રોત્સાહક યોજનાઓનો લાભ લેવા ૧૧ ઓક્ટોબર સુધી આઇ ખેડૂત પોર્ટલ પર અરજી કરી શકાશે.

રાજ્ય સરકાર દ્વારા બાગાયતી ખેતીના વિકાસ માટે નવી પ્રોત્સાહક યોજનાઓ અમલી છે, ત્યારે ખેડૂતો બાગાયત ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ સરળતાથી મેળવી શકે તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2024-2025 માટે "બાગાયત પાકોના ક્લસ્ટરોને કાપણી પછીની વ્યવસ્થા અને બજાર સાથે સાંકળવા વ્યક્તિગત,ખાનગી સંસ્થા,ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઇઝેશન, સહકારી સંસ્થાને માળખાકીય સુવિધા પૂરી પાડવાનો કાર્યક્રમ" તથા "રાજ્યમાં બાગાયતી પેદાશો માટે શીત સંગ્રહ (કોલ્ડ સ્ટોરેજ) ક્ષમતા વધારવા અંગેના કાર્યક્રમ" યોજના માટે ખેડૂતોએ આઇ-ખેડૂત પોર્ટલ ૧૧ ઓક્ટોબર સુધીમાં અરજી કરવા જણાવાયું છે.

**(અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------